અપીલ અરજી નં.૧૭૦ તા.૨૬–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી

સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૨–૫–૧૦ની અરજીથી (૧) છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ઝૂપડપટ્ટી વિસ્તારમાં વિકાસના કામો માટે કેટલા રૂપિયા ખર્ચ થયા, ઝૂપડપટ્ટી મુજબ વિગતવાર માહિતી (૨) સુ.મ.પા.ના અંદાજપત્ર(બજેટ) મુજબ વિકાસ માટે સ્લમ વિસ્તારમાં પાંચ વર્ષ દરમ્યાન કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા અને કેટલા રૂપિયા ખર્ચ કરવામામાં આવ્યા વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૬–૮–૧૦ ની SMC/FAP/ નં.૧૭૦/૨૦૧૦–૧૧

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૨–૫–૧૦ની અરજીથી (૧) છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ઝૂપડપટ્ટી વિસ્તારમાં વિકાસના કામો માટે કેટલા રૂપિયા ખર્ચ થયા, ઝૂપડપટ્ટી મુજબ વિગતવાર માહિતી (૨) સુ.મ.પા.ના અંદાજપત્ર(બજેટ) મુજબ વિકાસ માટે સ્લમ વિસ્તારમાં પાંચ વર્ષ દરમ્યાન કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા અને કેટલા રૂપિયા ખર્ચ કરવામામાં આવ્યા વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે અંશતઃ માહિતી મળેલ હોવાનું તથા ઝુંપડપટ્ટીની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ આશરે દોઢ માસના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૨૬–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૫૯ તા.૬–૯–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનતથા અરજદારને લગભગ દોઢ માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે કલમ–૧૯(૧) હેઠળ કારણો/વાજબીપણું રજુ કરવું તથા સમયનો બાધ નથી તે આરટીઆઈની કઈ જોગવાઈ હેઠળ આપે જણાવેલ છે તે અંગે સ્પષ્ટતા કરવા તેમજ કઈ માહિતી મળી, કઈ મળી નથી તે અંગે વિગતો જણાવેલ ન હોઈ તે અંગે નકલ સહ વિગતો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પત્ર નં.સા.ઝોન/ટેક/૩૦૩/૩૦૪ તા.૧૬–૬–૧૦ થી આપેલી માહિતીની નકલ મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ અરજીના વિલંબ અંગે વાજબીપણું તથા સમયનો બાધ નથી તે અંગે આરટીઆઈની જોગવાઈઓ કે કઈ માહિતી મળી છે અને કઈ માહિતી મળી નથી તેવી કોઈ વિગતો અરજદાર તરફથી અપીલ તબકકે તક આપવા છતાં રજૂ થયેલ નથી.

અરજદારની તા.૧૨–૫–૧૦ ની અરજીથી (૧) છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વિકાસના કામો માટે કેટલા રૂપિયા ખર્ચ થયા, ઝૂંપડપટ્ટી મુજબ વિગતવાર માહિતી (૨) સુ.મ.પા.ના અંદાજપત્ર(બજેટ) મુજબ વિકાસ માટે સ્લમ વિસ્તારમાં પાંચ વર્ષ દરમ્યાન કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા અને કેટલા રૂપિયા ખર્ચ કરવામામાં આવ્યા. (૩) સુમનપા ધ્વારા સોસા.ઓમાં, ઔદ્યોગિક વિસ્તારમાં પાંચ વર્ષ દરમ્યાન કેટલા રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા , કઈ કઈ સુવિધા પાછળ કેટલો ખર્ચ થયો (કોર્પોરેટરના ગ્રાંટમાંથી ખર્ચ થયો હોય તો કયા કોર્પોરેટરની કેટલી ગ્રાંટ કયા કામ માટે તેની પણ માહિતી.) (૪) વોર્ડ નં.૨૮ માં સમાવિષ્ટ તમામ સોસા. તથા સ્લમ વિસ્તાર (ઝુંપડપટ્ટી વિસ્તાર) ઔદ્યોગિક એકમોમાં રોડ, ગટર, પાણી તથા અન્ય વિકાસના કામો થયા હોય તો છેલ્લા ૫ વર્ષ દરમ્યાન કેટલા રૂપિયા કયા કાર્ય પાછળ ખર્ચ થયો બજેટ મુજબ ફાળવવામાં આવેલ રકમની વિગત સાથે માહિતી. (૫) વોર્ડ નં.૨૭, ૨૮ ૩૧,૩૨ ના કોર્પોરેટરોના ૫ વર્ષ દરમ્યાન કેટલા રૂપિયા ગ્રાંટ ફાળવવામાં આવી આવેલી ગ્રાંટ પૈકી કયા કયા કામ માટે કયા વિસ્તાર માટે ખર્ચ કરવામાં આવ્યો તેની માહિતી. (૬) વોર્ડ ૨૭,૨૮ માં કોર્પોરેટરની ગ્રાંટમાંથી ૫ વર્ષ દરમ્યાન સ્લમ વિસ્તારમાં કેટલા રૂપિયા કયા વિસ્તાર માટે ખર્ચ કરવામાં આવ્યો તેની તમામ ગ્રાંટના હિસાબની કોમ્પ્યુટર માહિતી. (૭) વોર્ડ નં.૨૭,૨૮ માં સ્લમ વિસ્તાર માટે અને સોસા. ઔદ્યોગિક વિસ્તાર માટે ૫ વર્ષ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા કેટલા રૂપિયા ખર્ચ થયો ( કોર્પોરેટરોની ગ્રાંટ સહિત) આમ મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૩૦૩ તા.૧૬–૬–૧૦ થી મુદ્દા નં.૧ અને ૩ થી ૭ ને લગતી સ્ટ્રીટ લાઈટ સીસ્ટમને લગતા વિકાસ નામો કોર્પોરેટરોની ગ્રાંટ વોર્ડ નંબર/સોસા. વિસ્તાર સહિતની માહિતી પત્રક–૧ માં સમાવિષ્ટ છે જે સ્વયં સ્પષ્ટ અને માંગેલી માહિતી મુજબ પૂરતી છે. મુદ્દા નં.૨ સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્ટ્રીટ લાઈટ સીસ્ટમ માટે સ્લમ તથા સોસા.માં ફાળવવામાં આવેલ બજેટ અને ખર્ચની માહિતી પત્રક–૨ માં સામેલ છે. આમ પત્રક–૧ સોસા./ઔદ્યોગિક વિસ્તારમાં થયેલ લાઈટની સુવિધા અંગે કોર્પોરેટરોના નામ સોસા. અને ઔદ્યોગિક વિસ્તાર વોર્ડ નંબર અને થયેલ ખર્ચ સહિતની વિગતો સને ૨૦૦૬–૦૭ થી ૨૦૦૮–૦૯ સુધીની અરજદારને આપવામાં આવેલ છે. તે જ રીતે પત્રક–૨ માં પણ વર્ષ ૨૦૦૬–૦૭ થી વર્ષ ૨૦૧૦–૧૧ સુધી ૫ વર્ષની સુરત મહાનગપાલિકાએ ફાળવેલ બજેટ સોસા./વિસ્તાર તેમજ સ્લમ વિસ્તારનું તેમજ તેની સામે સદર બજેટમાં થયેલ ખર્ચ સોસા. વિસ્તાર તથા સ્લમ વિસ્તારની માહિતી આપવામાં આવેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્રક નં.સા.ઝોન/આ.નં.૩૦૪ તા.૧૬–૬–૧૦ થી મુદ્દા નં. ૨ અંગે સ્લમ વિસ્તારમાં ૫ વર્ષ દરમ્યાન કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા અને કેટલો

ખર્ચ થયો તેની માહિતી દર્શાવતું પત્રક, સુવિધાની વિગત, બજેટહેડની વિગત, જોગવાઈ અને થયેલ ખર્ચ અંગેની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જે બાબતે અંશતઃ માહિતી મળેલ હોવાનું તથા ઝુંપડપટ્ટીની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ આશરે દોઢ માસના વિલંબથી તા.૨૬–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. વિલંબથી કરવામાં આવેલ અરજી પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. જે અંગે અરજદારે વિલંબ અંગેનું વાજબીપણું રજૂ કરવાનું રહે છે. વાજબીપણું ગ્રાહય રાખવા અંગે અપીલ અધિકારીના વિવેકબુધ્ધિને આધિન છે. કાયદાની કલમ–૧૯ (૧) માં જોગવાઈ થયેલ છે. અરજદારે અપીલના વિલંબ અંગે અપીલ તબકકે પત્ર ધ્વારા એક તક આપવા છતાં વિલંબનું કોઈ વાજબીપણું કલમ–૧૯(૧) હેઠળ જણાવેલ નથી તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવનાને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવે છે.અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે વિલંબ બાબતે કોઈ કારણ કે વાજબીપણું રજૂ કરેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારીએ આપેલ સંલગ્ન માહિતી પણ અપીલ સાથે નિયમ–૬ મુજબ રજૂ કરવાની હોય છે તે રજૂ કરેલ નથી અપીલ તબકકે કઈ માહિતી મળી અને કઈ માહિતી ન મળી તે અંગે જણાવવા પણ પત્ર પાઠવવા છતાં અરજદાર તરફથી તેવી કોઈ વિગત પણ અપીલીય કાર્યવાહી દરમ્યાન પૂરી પાડવામાં આવેલ નથી. અરજદારે અપીલ તબકકે પણ અંશતઃ માહિતી અંગે પણ કોઈ સ્પષ્ટતા કરેલ નથી. જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની વિગતો જોતાં અરજદારે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવામાં આવેલ છે અરજદારે ઝુંપડપટ્ટીના બજેટ મુજબ ખર્ચાયેલા નાણાની માહિતીનું કારણ જણાવી કરેલ અપીલ અંગે સ્લમ વિસ્તાર (ઝુંપડપટ્ટી) પણ મુદ્દા નં.૨ માં સુવિધાવાઈઝ બજેટ હેડ મુજબ જોગવાઈ અને ખર્ચની વિગતો જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૭(૯) મુજબ સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે જ સ્વરૂપમાં પૂરી પાડવી જોઈશે. સિવાય કે તેનાથી જાહેર સત્તા મંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણી હાનિ થાય તેમ હોય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ જણાતી હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવા પાત્ર થાય. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો સાત મુદ્દા પૈકી ચોકકસ કયા મુદ્દાની મળેલી માહિતી અંગે કયા પરીપ્રેક્ષ્યમાં અંશતઃ લાગી તેનું વિવરણ જણાવી મુળ અરજીના ઉપલક્ષ્યમાં જ તે પૈકી કઈ માહિતી નથી મળી તેની વિગતો જાહેર માહિતી અધિકારીને દિન–૭ માં લેખિતમાં જણાવી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી આવી વિગતો મળ્યેથી જાહેર માહિતી અધિકારીએ મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ભરવાપાત્ર દસ્તાવેજ ચાર્જ ભરપાઈ કરાવી માહિતી આપવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી